VIP

ક્રમાંક : રા.ક.મં./સા.શૈ.પ.વ.ક.,પ્રવાસન/૨૫૨૪/૨૦૨૦

वासणભાઈ આહીર

सत्यमेव जयते

રાજ્યકક્ષા મંત્રી,
સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોનું
કલ્યાણ, પ્રવાસન
ગુજરાત સરકાર,
સ્વર્ણિમ સંકુલ-૨, ૨જો માળ,
સચિવાલય, ગાંધીનગર.
ફોન :૦૭૯-૨૩૨૫૦૨૦૮/૯, ફેક્સ-૨૩૨૫૦૨૮૫.
ઈમેલ : vgahir5148@gmail.com

તારીખ : ૪/૯/૨૦૨૦

**આદરણીયશ્રી નીતિનભાઈ સાહેબ,**

**સાદર નમસ્કાર,**

**મે.સાહેબશ્રી,**

શ્રી મુકેશભાઈ સી. દવે, માનદમંત્રી, અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન, અમદાવાદની તા.૦૪.૦૯.૨૦૨૦ ની રજૂઆત આ સાથે આપને મોકલું છું.

ગુજરાત રાજ્યથી દક્ષિણ તરફ જતાં અને ખાસ કરીને મુંબઈ – મહારાષ્ટ્ર જતાં વ્યાપારીક વાહનો નેશનલ હાઈવે નં.–૮ નો ઉપયોગ કરે છે. સાથે સાથે નોર્થ–સાઉથ કોરીડોરના ટ્રાફિક માટે પણ આપણાં રાજ્યમાં આવતાં એનએચ–૮ નો ખેડા થી વાપી સુધીના ભાગનું ઘણું મહત્વ છે. ગુજરાત રાજ્યના ટ્રાન્સપોર્ટરો તેમજ એસોસીએશનો દ્વારા ઘણી રજુઆતો મળેલ છે કે, ખાસ કરીને વડોદરાથી વાપી સુધીના હાઈવે ઉપર વર્તમાનમાં સમયમાં પડેલ વરસાદને કારણે ઘણી બધી જગ્યાએ રસ્તાનું ધોવાણ થયું છે તેમજ ભરૂચ નર્મદા બ્રીજ ઉપર, સુરત નજીક કીમ–કામરેજ પાસે તેમજ વલસાડ ઉદવાડાની વચ્ચે ટ્રાફિક જામની ખુબ જ સમસ્યા છે અને ઘણી વખત ૫ થી ૬ કલાક સુધી ટ્રાફિકનું મુવમેન્ટ અટકી જાય છે તેમજ બરોડાથી વાપી સુધીનો જે રસ્તો ૪–૫ કલાકમાં કપાય તે સર કરતા ૧૦ થી ૧૫ કલાક લાગે છે. આ બાબતે ઘણા બધા વર્તમાનપત્રોમાં આ પરિસ્થિતિનો ઉલ્લેખ કરવામાં આવેલ છે, પણ હજુ સુધી નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા ટ્રાફિક સંચાલન અંગે કોઈ વ્યવસ્થા કરવામાં આવેલ નથી. ગાડી માલીકો તેમજ ટ્રાન્સપોર્ટ કંપનીઓને માલ સમયસર પહોંચાડવામાં મદદ મળે તેમજ છેલ્લાં ૫ (પાંચ) મહિનાથી ચાલતા કપરા સમયમાં વધુ ખરાબ પરિસ્થિતિનો સામનો કરવો ન પડે તેવી રજૂઆત છે.

વધુમાં, પ્રદેશ ભાજપા અધ્યક્ષશ્રી શ્રી સી.આર.પાટીલ સાહેબ સાથેના ઉત્તરગુજરાતના બે દિવસના પ્રવાસના અંતે મને કચ્છ પરત ફરતા પાલનપુર થી ગાંધીધામ નેશનલ હાઈવેની સ્થિતિ ખૂબજ ખરાબ અને જર્જરીત જણાયેલ હતી. નેશનલ હાઈવે, સ્ટેટ હાઈવે અને પંચાયતના ખરાબ રસ્તાઓને કારણે કોમર્શિયલ વાહનો તેમજ અન્ય વાહનોને ખૂબજ મુશ્કેલી પડે છે. અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશનના પ્રમુખ તરીકે મને એસોસીએશન દ્વારા આ અંગે રજૂઆતો કરવામાં આવેલ છે.

ઉક્ત રજૂઆત પરત્વે જરૂરી કાર્યવાહી કરાવવા મારી આપને વિનંતીસહ ભલામણ છે.

**કુશળ હશો,**

**આપનો સ્નેહાધીન,**

**(વાસણભાઈ આહીર)**

AGTTA
DT. : 9/9/2020
File No. : 17

**પ્રતિ,**
શ્રી નીતિનભાઈ પટેલ
માન.નાયબ મુખ્યમંત્રીશ્રી, (માર્ગ અને મકાન),
સ્વર્ણીમ સંકુલ–૧,
સચિવાલય,ગાંધીનગર.

**નકલ રવાના:જાણ અર્થે,**
શ્રી મુકેશભાઈ સી. દવે, પ્રમુખશ્રી, અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન, અમદાવાદ